| Publication: Dhabkar | Page no: 06 |
|---|---|
| **Edition**: Print | **Date:** 17.09.22 |

# જુબિલન્ટ દ્વારા અનિકેત દોએગરને 'સોશિયલ એન્ટરપ્રિન્યોર ઓફ ધ યર' એવોર્ડ અપાયો




**ધબકાર પ્રતિનિધિ, ભરૂચ, તા. ૧૬**

વર્લ્ડ ઈકોનોમિક ફોરમ અને ભારતીયા ગ્રુપના જ્યુબીલન્ટ ભારતિયા ફાઉન્ડેશનની પેટા કંપની શ્વેબ ફાઉન્ડેશન ફોર સોશિયલ એન્ટરપ્રિન્યોરશિપ દ્વારા હકદર્શક એમ્પાવરમેન્ટ સોલ્યુશન્સના અનિકેત દોએગરને પ્રતિષ્ઠિત 'સોશિયલ એન્ટરપ્રિન્યોર ઓફ ધ યર એવોર્ડ - ઈન્ડિયા ૨૦૨૨'થી નવાજવામાં આવ્યા છે. આ એવોર્ડ ભારત સરકારના કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગસિંહ ઠાકુરના હસ્તે એનાયત કરાયો હતો.

આ પ્રસંગે અનુરાગસિંહ ઠાકુરએ જણાવ્યું હતુ કે, અનિશ્ચિતતાઓ, ભૌગોલિક-રાજકીય ઉથલપાથલ દ્વારા સંચાલિત વિશ્વમાં, સામાજિક સાહસિકોની ભૂમિકા રાષ્ટ્ર નિર્માણ માટે વધુને વધુ મહત્વપૂર્ણ બની રહી છે. એવોર્ડ વિજેતા અનકેત દોએગર કહ્યુ હતુ કે, હું ઓનગ્રાઉન્ડ અમારા તમામ હકદર્શકોનો આભાર માનું છું. આ પુરસ્કાર એક યુવા ટેક કંપની તરીકે અમને ટેકો આપવા માટે ખૂબ આગળ વધશે. જુબિલન્ટ ભારતિયા ફાઉન્ડેશન અને શ્વેબ ફાઉન્ડેશન ફોર સોશિયલ એન્ટરપ્રિન્યોરશિપનો ખૂબ ખૂબ આભાર. આ માન્યતા સાથે અમે ૧૦૦ મિલિયન નાગરિકો સુધી પહોંચવાના અમારા લક્ષ્યને હાંસલ કરવાની આશા રાખીએ છીએ.